# BUSINESS મિત્ર

### શેરબજારમાં સતત પાંચમા દિવસે તેજી, રોકાણકારોની સંપત્તિ રૂ. 2.97 લાખ કરોડ વધી

# સેન્સેકસમાં 486 પોઇન્ટનો ઉછાળો, નિફ્ટીએ 22550 પોઇન્ટની સપાટી કુદાવી

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 25:** ભારતીય શેરબજારમાં આજે સતત પાંચમા દિવસે તેજીનો માહોલ જોવા મળ્યો હતો. આજે ભારતીય શેરબજારમાં વીકલી એકસપાયરીના દિવસે જબરજસ્ત લેવાલી રહી હતી અને તેજી સાથે આગળ વધ્યો હતો. જેના લીધે સેન્સેકસ 74000 પોઇન્ટની સપાટી કુદાવીને બંધ રહ્યા હતા, જ્યારે નિફ્ટી 22550 પોઇન્ટની સપાટીની ઉપર બંધ રહી હતી. જ્યારે નિફ્ટીએ ઇન્ટ્રાડેમાં 22600 પોઇન્ટની સપાટી કુદાવી હતી. જેના લીધે રોકાણકારોની સંપત્તિમાં રૂ. 2.97 લાખ કરોડની વૃદ્ધિ થવા પામી હતી.

આજના કોરાબાર દિવસ દરમ્યાન કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને રિયલ્ટી બાદ કરતાં બીએસઇના તમામ સેકટરો વધ્યા હતા. જેમાં સૌથી વધુ તેજી ફાર્મા, મેટલ અને ઓયલ એન્ડ ગેસ શેરોમાં જોવા મળ્યા હતા. આજે દિવસ દરમ્યાન 249 શેરોએ બાવન વીકની ઉંચાઇ બનાવી હતી, તેજ સમયે 11 શેરો નવા બાવન વીકના નીચલા સ્તરને સ્પર્શ્યા હતા.

દેશમાં સામાન્ય ચુંટણી ચાલી રહી છે, ત્યારે આવતીકાલે 26મીના રોજ 89 લોકસભાની બેઠકો પર મતદાન થનારૂં છે, જેની ઉપર બજારની નજર પડી રહી છે.

### સેન્સેક્સ 486પોઈન્ટ અને નિફ્ટી 168 પોઈન્ટ ઉછળ્યા

ભારતીય શેરબજારમાં સેન્સેક્સ 486.50 પોઇન્ટ એટલે કે 0.66 ટકા ઉછળીને 74000 પોઇન્ટની સપાટી કુદાવીને 74339.44 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 74571 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 73556 પોઇન્ટ સુધી ઘટયો હતો. નિફ્ટીએ 22550 પોઇન્ટની સપાટી કુદાવી હતી, જ્યારે ઇન્ટ્રાડેમાં 22600 પોઇન્ટને કુદાવી દીધી છે. નિફ્ટી 167.95 પોઇન્ટ એટલે કે 0.75 ટકા ઉછળીને 22570.35 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 22626 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22305 પોઇન્ટ સુધી તુટી હતી. બેન્ક નિફ્ટી 305.95 પોઇન્ટ એટલે કે 0.63 ટકા ઉછળીને 48494.95 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે સ્પાર્ક 154.41 ગણા, જયુપીટલ વેગન્સમાં 14.21 ગણા, કોટક બેન્ક 12.16 ગણા, જયોથી લેબ્સમાં 7.68 ગણા, ગોડફ્રે ફીલીપ્સમાં 7.13 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે કોટક મહિન્દ્રા બેન્કમાં 7.42 ગણા, ઇન્ફો એડજમાં 5.58 ગણા, જયોથી લેબમાં 5.51 ગણા, માસ ફાઇનાન્સીયલ સર્વિસીસમાં 5.21 ગણા અને વોડાફોન આઇડિયામાં 5.18 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો આગળ વધ્યો હતો. બીએસઇ મિડકેપ ઇન્ડેકસ 0.71 ટકા વધ્યા હતા, જ્યારે સ્મોલકેપ ઇન્ડેકસ 0.54 ટકા સુધારો જોવાયો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યા હતા. બીએસઇ ખાતે 2079 શેરો વધ્યા હતા, જ્યારે 1717 શેરો ઘટયા હતા અને 138 શેરોમાં યથાવત રહ્યા હતા.

બીએસઇ પીએસયુ બેન્ક શેરોમાં જોરદાર ઉછળ્યો હતો, આજે નિફ્ટી પીએસયુ બેન્ક ઇન્ડેકસ 3.77 ટકા વધ્યા હતા. જેમાં ઇન્ડિયન ઓવરસીઝ બેન્ક, સ્ટેટ બેન્ક, યુકો બેન્ક, બેન્ક ઓફ ઇન્ડિયા, સેન્ટ્રલ બેન્ક, બેન્ક ઓફ બરોડા, ઇન્ડિયન બેન્ક, કેનેરા બેન્ક, યુનિયન બેન્ક અને પીએનબી ઉછળ્યા હતા.

### એશિયન અને યુરોપિયન બજારોમાં મિશ્ર વલણ રહ્યો

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારો અને એશિયન બજારોમાં મિશ્ર વલણ રહ્યા હતા. બેન્ક ઓફ જાપાનની આજે બેઠક મળી હતી, જે આવતીકાલે જાહેરાત થશે. ખાસ કરીને યેન નબળાઇને મર્યાદિત કરવા માટે કોઇપણ કાર્યવાહી કરાશે. આજે ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ બજારો બંધ રહ્યા હતા. વોલસ્ટ્રીટ બુધવારે મિશ્રિત નોંધ પર સમાપ્ત થઇ હતી. કારણ કે વેપારીઓએ મેટા ઇન્ક. ના અસ્પષ્ટ દ્રષ્ટિકોણનું મુલ્યાંકન કર્યુ હતું. જે ભવ્ય સંતામાંનુ એક છે અને પાંચ વર્ષીય યુએસ ટ્રેઝરી નોટસના વેચાણને પગલે ટ્રેઝરી ઉપજમાં વધારો થયો હતો. અમેરિકાના પ્રથમ ત્રિમાસિક ગાળાના કુલ ઘરેલું ઉત્પાદનના આંકડા 25 એપ્રિલના રોજ આવવાના છે.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 486.[illegible] | 74339.44 |
| નિફ્ટી | 167.95 | 22570.35 |
| બેન્ક નિફ્ટી | 305.95 | 48494.95 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એકસીસ બેન્ક | 6.00 | 1127.00 |
| એસબીઆઇ | 5.12 | 812.70 |
| ડો. રેડ્ડીઝ લેબ્સ | 4.50 | 6218.75 |
| જેએસડબ્લ્યુ સ્ટીલ | 2.62 | 905.80 |
| નેસલે ઇન્ડિયા | 2.50 | 2562.65 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોટક મહિન્દ્રા બેન્ક | 10.87 | 1642.45 |
| એલટીઆઇ માઇન્ડટ્રી | 1.95 | 4634.70 |
| એચયુએલ | 1.30 | 2230.85 |
| ટાઇટન કંપની | 1.07 | 3571.10 |
| એસબીઆઇ લાઇફ | 1.07 | 1444.45 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એકસીસ બેન્ક | 6.00 | 1127.50 |
| એસબીઆઇ | 4.97 | 811.65 |
| નેસલે ઇન્ડિયા | 2.39 | 2562.70 |
| જેએસડબ્લ્યુ સ્ટીલ | 2.27 | 903.00 |
| એનટીપીસી | 2.20 | 259.30 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોટક મહિન્દ્રા બેન્ક | 10.71 | 1645.65 |
| એચયુએલ | 1.04 | 2235.75 |
| ટાઇટન કંપની | 1.05 | 3569.60 |
| બજાજ ફાઇનાન્સ | 0.67 | 7278.55 |
| એશિયન પેઇન્ટસ | 0.25 | 2860.05 |

### રૂપિયો સપાટ રહ્યો

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 25:** કરન્સી બજારમાં સપ્તાહની શરૂઆતથી રૂપિયામાં મજબૂતાઇ જોવા મળી હતી. આજે ડોલરની સામે રૂપિયો સપાટ બંધ રહ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો એક પૈસા સુધરીને 83.32ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેસનમાં 83.33ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 89.37, પાઉન્ડ 104.22, કેનેડિયન ડોલર 54.36, જાપાનીઝ યેન 0.5357 અને સીંગાપોર ડોલર 61.29ના સ્તરે બંધ રહ્યા હતા.

# કોંગ્રેસે વારસાગત કર લાદવાની હિમાયત કરીને વિવાદનો મધપૂડો છંછેડ્યો છે

ગુજરાતમાં સિદ્ધરાજ જયસિંહ રાજા હતો ત્યારે જે વ્યક્તિ કોઈ પણ જાતના વારસ વગર મરી જાય તેની મિલકત રાજ્ય દ્વારા કબજે કરવાનો કાયદો હતો. તે સમયે પિતાની સંપત્તિમાં પુત્રીનો અધિકાર માન્ય કરવામાં નહોતો આવતો. આ કારણે કોઈ વ્યક્તિને પુત્રી હોય પણ પુત્ર ન હોય તો પણ તેની મિલકત સરકાર દ્વારા કબજે કરવામાં આવતી હતી. સિદ્ધરાજના મરણ પછી કુમારપાળ રાજગાદી પર આવ્યો. તેણે પોતાના ગુરુ જૈનાચાર્ય હેમચંદ્રસૂરિજી મહારાજની સલાહ પરથી આ કાયદો નાબૂદ કર્યો હતો. હવે ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખ સામ પિત્રોડાએ ભારતમાં અમેરિકા જેવી વારસાગત કર પ્રણાલીની હિમાયત કરી છે. સામ પિત્રોડાના આ નિવેદનથી રાજકીય વિવાદ ઊભો થયો છે. ઘણા વિકસિત દેશોમાં હજુ પણ વારસાગત કર લાગુ છે, પરંતુ સદ્નસીબે ભારતમાં હાલમાં આ કર નથી. ભારતમાં લગભગ ૪૦ વર્ષ પહેલાં વારસાગત વેરો દૂર કરવામાં આવ્યો હતો. વારસાગત કરનો દર સામાન્ય રીતે વારસદારને મળેલી મિલકતની કિંમત અને મૃતક સાથેના તેના સંબંધ પર આધાર રાખે છે. તેનાથી વિપરીત એસ્ટેટ ટેક્સ મૃત્યુ સમયે મૃત વ્યક્તિની માલિકીની મિલકતના ચોખ્ખા મૂલ્ય પર આધારિત હતો.

રાજીવ ગાંધીની તત્કાલીન કેન્દ્ર સરકારમાં નાણાં મંત્રી રહેલા વી.પી. સિંહે વારસાગત કર નાબૂદ કરવાનો નિર્ણય લીધો હતો. વી.પી. સિંહ માનતા હતા કે આ કર વધુ સમાન સમાજ બનાવવાના અને સંપત્તિની અસમાનતા ઘટાડવાના તેના ધ્યેયને હાંસલ કરી શક્યો નથી. વારસાગત કર અથવા એસ્ટેટ ડ્યુટી નાબૂદ કરવામાં આવી હતી કારણ કે તેમાંથી મેળવેલો ચોખ્ખો નફો નકારાત્મક હતો. વળી કરની આવક તેના વહીવટી ખર્ચ કરતાં ઘણી ઓછી હતી, તેથી આ ટેક્સ ૧૯૮૫માં નાબૂદ કરવામાં આવ્યો હતો. સામ પિત્રોડાના આ નિવેદન બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે છત્તીસગઢના અંબિકાપુરમાં એક ચૂંટણી રેલીમાં કહ્યું હતું કે તમે તમારી મહેનતથી જે સંપત્તિ એકઠી કરો છો, તે તમારાં બાળકોને નહીં મળે.

ભારતમાં કુટુંબના વડાના મૃત્યુ પર તેમના કાયદેસરના વારસદારો (પછી તે પુત્રો, પુત્રીઓ કે પૌત્રો હોય) પાસેથી સ્થાનાંતરિત મિલકત પર વારસાગત કર વસૂલવામાં આવતો હતો. એસ્ટેટ ડ્યુટી એક્ટ ૧૯૫૩ હેઠળ, મૃતકની મિલકતના વારસદારોએ વારસામાં મળેલી મિલકતના મૂલ્યના ૮૫ ટકા સુધી ઊંચી એસ્ટેટ ડ્યુટી ચૂકવવી પડતી હતી. ૧૯૫૩માં ભારતમાં વેલ્થ ટેક્સ લાદીને આર્થિક અસમાનતાને દૂર કરવા માટે વેલ્થ ટેક્સ એક્ટ ઘડવામાં આવ્યો હતો. આ અંતર્ગત ૨૦ લાખ રૂપિયાથી વધુની મિલકત વારસદારના નામે કરવા માટે ૮૫ ટકાનો કર ચૂકવવો પડતો હતો. આ કર સ્થાવર અને જંગમ મિલકતો પર પણ લાગુ પડતો હતો. આ કર ત્યારે જ ચૂકવવાપાત્ર હતો જ્યારે વારસામાં મળેલી મિલકતની કુલ કિંમત નિર્ધારિત મર્યાદા કરતાં વધી જતી હતી.

અર્થશાસ્ત્રીઓએ જોયું કે ભારતમાં વર્ષ ૧૯૨૨ પછી લોકોની આવકમાં અસમાનતા ૨૦૧૪માં સૌથી વધુ છે. ૧૯૨૨માં ભારતમાં આવકવેરો પ્રથમ વખત લાગુ કરવામાં આવ્યો હતો. ૧૯૩૦ના દાયકામાં ભારતની કુલ આવકમાં ટોચના ૧ ટકાનો હિસ્સો ૨૦ ટકાથી વધુ હતો. ૧૯૮૦ના દાયકામાં તે નોંધપાત્ર રીતે ઘટીને ૬ ટકા થઈ ગયો હતો. જો કે, આ પછી તે સતત વધીને ૨૦૧૪માં ૨૨ ટકાના ઐતિહાસિક ઉચ્ચ સ્તરે પહોંચ્યો હતો. વર્તમાન કાળમાં ભારતમાં સંપત્તિની અસમાનતા પણ ચિંતાજનક રહી છે. ક્રેડિટ સુઇસ ૨૦૧૮ના ગ્લોબલ વેલ્થ રિપોર્ટ અનુસાર સૌથી ધનિક ૧ ટકા લોકો દેશની ૫૧.૫ ટકા અને ૧૦ ટકા લોકો દેશની ૭૭.૪ ટકા સંપત્તિ ધરાવે છે. તેનાથી વિપરીત નીચેની ૬૦ ટકા વસ્તી પાસે માત્ર ૪.૭ ટકા

**ટુ ધ પોઇન્ટ**
**સમકિત શાહ**

સંપત્તિ છે. ભારતમાં ખાસ કરીને ઉદારીકરણ પછીના સમયગાળામાં સંપત્તિ, આવક અને વપરાશમાં અસમાનતા વધી રહી છે. તે કારણે ૨૦૧૫માં નરેન્દ્ર મોદી સરકારમાં તત્કાલીન નાણાંમંત્રી અરુણ જેટલીએ સંપત્તિ વેરો લાગુ કરવાનું વિચાર્યું હતું; પરંતુ તે સમયે સરકાર આ અંગે કોઈ નક્કર નિર્ણય લઈ શકી ન હતી.

ભારતમાં વડીલોપાર્જિત મિલકત તેમના મૃત્યુ પછી તેમના કાયદેસરનાં વારસદારો જેમ કે બાળકો, પૌત્રો અથવા નજીકનાં સગાંને નામે ટ્રાન્સફર કરવામાં આવે છે. તેના પર સરકાર દ્વારા કોઈ ટેક્સ વસૂલ કરવામાં આવતો નથી. અમેરિકા સહિત ઘણા દેશોમાં આ મિલકત પર વારસાગત ટેક્સ લાદવામાં આવે છે, જેની હિમાયત કોંગ્રેસના નેતા સામ પિત્રોડાએ કરી છે. વિશ્વના ઘણા દેશોમાં આજે પણ વારસાગત કર લાદવામાં આવે છે. જપાનમાં તેનો દર ૫૫ ટકા છે તો દક્ષિણ કોરિયામાં ૫૦ ટકા છે. ફ્રાન્સમાં તે ૪૫ ટકા છે તો બ્રિટનમાં ૪૦ ટકા છે. અમેરિકા જેવા દેશમાં સંતાનો પોતાનાં વડીલોની મિલકત પોતાના નામે કરવા માગતા હોય તો તેમણે તેના ૪૦ ટકા સરકારને ચૂકવી દેવા પડે છે. સામ પિત્રોડા અમેરિકાનો દાખલો આપી રહ્યા છે.

ભારતમાં આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ મુજબ વારસા દ્વારા હસ્તગત કરેલી મિલકત કરના દાયરામાં આવતી નથી. એક વાર તમે વારસામાં મળેલી મિલકતના માલિક બન્યા પછી તમારે તેનો નફો કે નુકસાન સહન કરવા પડે છે. નફાના કિસ્સામાં, તમારે કેપિટલ ગેઇન ટેક્સ ચૂકવવો પડે છે. આ કેપિટલ ગેઇન ટેક્સ મિલકતના કબજાના સમયગાળાના આધારે નક્કી કરવામાં આવે છે. દાખલા તરીકે જો તમને ૨૦૨૨ માં તમારા પિતા પાસેથી વારસામાં મિલકત મળી હોય અને તમે તેને એપ્રિલ ૨૦૨૪ માં વેચવા માંગો છો, તો તમારે આ નફા પર કેપિટલ ગેઇન ટેક્સ ચૂકવવો પડશે. જો તમે કે તમારા પિતા પાસે આ મિલકત બે વર્ષથી વધુ સમયથી છે, તો તે લાંબા ગાળાના કેપિટલ ગેઇન તરીકે ગણવામાં આવશે અને તમારે તે મુજબ ટેક્સ ચૂકવવો પડશે.

ટેક્સ ફાઉન્ડેશન દ્વારા પ્રકાશિત થયેલા સંશોધન મુજબ એસ્ટેટ અથવા વારસાગત કર એ ખરાબ આર્થિક નીતિ છે. તે ઘરેલું થાપણો પર બોજ સમાન છે. હકીકતમાં સંપત્તિના સંચયને કારણે જ અમેરિકા સમૃદ્ધ અને શક્તિશાળી બન્યું છે. અભ્યાસ કહે છે કે જો અમેરિકા એસ્ટેટ ટેક્સ વસૂલવાનું બંધ કરે તો લગભગ દોઢ લાખ નોકરીઓનું સર્જન થશે અને ફેડરલ ટેક્સમાં દર વર્ષે ૮ અબજ ડોલરનો વધારો થશે. અમેરિકા જેવા દેશોમાં એસ્ટેટ ટેક્સ અથવા વારસાગત કર લાગુ હોવા છતાં, તેનાથી થતી કરની આવકમાં વધારો ઘણો ઓછો છે. તેનાથી જનતા પર બોજ વધે છે. વિશ્વના ઘણા દેશોએ સંપત્તિ વેરાને અને વારસાગત કરને આવકના નબળા સ્ત્રોત ગણાવ્યા છે અને તેને દૂર કર્યા છે. ભારતમાં પણ સંપત્તિ વેરો ઘણા સમય પહેલાં દૂર કરવામાં આવ્યો છે.

સંશોધન મુજબ જે દેશોએ એસ્ટેટ ડ્યુટી અથવા વારસાગત કર દૂર કર્યો છે તેના હેતુ બે પ્રકારે છે. પ્રથમ, આ બે કરને દૂર કરવાથી તમે વધુ પ્રગતિશીલ બનો છો અને બીજું, આવા કર વસૂલવામાં મોટો ખર્ચ થાય છે. આ સિવાય કોઈ મિલકતની કિંમતનો અંદાજ કાઢવો એ પણ ઘણું જટિલ કામ છે. ભારત, રશિયા, મકાઉ, પોર્ટુગલ, સ્લોવાક રિપબ્લિક, સ્વીડન, હોંગકોંગ, હંગેરી, સિંગાપોર, ઓસ્ટ્રિયા અને નોર્વે જેવા દેશોમાં વારસાગત કર લાગુ પડતો નથી. અમેરિકા, બ્રિટન, કેનેડા, ફ્રાન્સ, જાપાન, દક્ષિણ કોરિયા જેવા દેશોમાં સંપત્તિ વેરો ચાલુ રાખવાનો ઉદ્દેશ મિલકતને થોડા લોકોના હાથમાં કેન્દ્રિત થતી અટકાવવાની છે.

યુકેમાં એસ્ટેટ ડ્યુટીના રૂપમાં વારસાગત કર લાદવામાં આવે છે. ત્યાં તેને રેસિડેન્શિયલ પ્રોપર્ટીની કિંમત ઘટાડવાનું હથિયાર માનવામાં આવે છે. અમેરિકામાં તેનો ઉદ્દેશ નાગરિકોને તેમની સામાજિક કે આર્થિક સ્થિતિને ધ્યાનમાં લીધા વિના સમાન તકો પૂરી પાડવાનો પણ છે. ભારતમાં ભાજપ સરકાર જ કોઈ કાળે સંપત્તિ વેરો કે વારસાગત કર પાછો લાદવાનો વિચાર કરતી હતી; પણ હવે ભાજપ તેના વિરોધમાં આવી ગયો છે.

**વર્ષ ૨૦૧૫માં નરેન્દ્ર મોદી સરકારમાં તત્કાલીન નાણાંમંત્રી અરુણ જેટલીએ સંપત્તિ વેરો લાગુ કરવાનું વિચાર્યું હતું; પરંતુ તે સમયે સરકાર આ અંગે કોઈ નક્કર નિર્ણય લઈ શકી ન હતી**

# વોડાફોન આઈડિયાનો પવન ફુંકાયો, મોટી કમાણી કરશે

મુંબઇ, તા. 25: વોડાફોન આઈડિયાના એફીઓના શેરમાં શાનદાર લિસ્ટીગ રહ્યું છે. રૂ. 11ના ઈસ્યુ ભાવ સામે વાયદામાં રૂ. 14ની ઉપર પહોંચી ગયો હતો. લિસ્ટીંગ સેરેમનીમાં કુમાર મંગલમ બિરલાએ જણાવ્યું હતું કે, રોકાણકારોનો એફપીઓ પરનો વિશ્વાસ સારો સંકેત છે. એપીઓના નાણાનો ઉપયોગ નેટવર્ક વિસ્તરણ અને તકનીકીમાં કરવામાં આવશે. જણાવી દઈએ કે કંપનીની ફોલોઓન પબ્લીક ઓફરને શાનદાર રિસ્પોન્સ મળ્યો હતો. તે લગભગ 7 વખત સબસક્રાઈબ થયું હતું, હવે સવાલ એ છે કે શું વોડાફોન-આઈડિયા આ એફપીઓ દ્વારા માત્ર અસ્તિત્વ ટકાવી રાખવાની લડાઈ જીતી છે કે પછી ભવિષ્યમાં મોટી કમાણીની આશા છે. આ સવાલનો જવાબ શોધવા માટે કંપનીની સ્થિતિ પર એક નજર કરીએ.

વોડાફોન આઈડિયા દેશની ત્રીજી સૌથી મોટી ટેલિકોમ કંપની છે. તેના કુલ સબસ્ક્રાઈબર્સ 21.5 કરોડ છે.

જેમાંથી 4જી ગ્રાહકો 12.6 કરોડ છે. કંપનીનો એઆરપીયુ રૂ.145 છે. માર્કેટમાં કંપનીનો માર્કેટ શેર 18.8 ટકા છે. આ સાથે જ ભારતીનો માર્કેટ શેર 36 ટકા અને જિયોનો માર્કેટ શેર 40.5 ટકા છે. અન્યનો બજાર હિસ્સો 4.7 ટકા છે.

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૭૪૩૨૦ |
| તેજાબી સોનું | ૭૪૨૩૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૭૦૬૦૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૭૨૮૩૦ |
| સોનાનાં બિસ્કીટ | ૭૪૩૨૦૦ |
| ચાંદી (૯૯૯) | ૮૩૦૩૦ |
| ચાંદી સિક્કા | ૮૪૫૩૦ |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૨૦૦ |
| એમ-૩૦ | ૪૧૫૦ |
| એસ-૩૦ | ૪૧૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૦૫૦ |
| એસ-૩૦ | ૪૦૦૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૫૦ | કોપરેલ | ૨૮૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૫૦ | વનસ્પતિ ઘી | ૧૮૮૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૮૦ | સનફ્લાવર | ૧૬૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૧૮૮૦ | તલતેલ | ૬૪૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૧૭૫૦ | દિવેલ | ૨૨૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૬૫૦ | મકાઇ તેલ | ૧૯૫૦ |
| સરસીયું તેલ | ૨૧૦૦ | | |

# આગામી કેટલાક સેસનમાં પોઝિટિવ મોમેન્ટમ ચાલુ રહેશે

**સ્ક્રીપ સ્કેન**
**સુનિલ બહેકી**

**નિફ્ટી ફ્યુચર્સ: બંધ ૨૨૬૫૨.૯૫:** તમામ મેજર ઇન્ડીસીસમાં તમામ ટ્રેન્ડલાઇન્સ ભારે બુલીશ રહી છે. અને મોમેન્ટમ સ્પષ્ટપણે આ તબક્કે અપસાઇડ પર છે. એફએન્ડઓ સેગમેન્ટ પણ બજાર માટે વધુ પોઝિટિવ રનનો સંકેત આપે છે. મે સિરિઝ માટે ૨૨૪૦૦નો સ્ટોપલોસ રાખીને રોકાણ કરતા રહો. ઉપરની બાજુએ મોમેન્ટમ રેલી શોર્ટ કવરીંગની સાથે આને ૨૨૮૮૦ સુધી લઇ જઇ શકે છે અને તેના પછ ૨૩૦૦૦ સુધી ઉછળવાની આશા છે.

**ફેડરલ બેન્ક: બંધ ૧૫૭.૫૦:** ચાર્ટસ પર આ સારો જણાય છે અને તે બ્રેકઆઉટને આરે આવીને ઉભો છે. અમે આને રૂ. ૧૬૧ના ઉપલા લક્ષ્ય માટે રૂ. ૧૫૫નો સ્ટોપલોસ રાખીને ખરીદવાની ભલામણ કરીએ છીએ. તે વટાવતા આ રૂ. ૧૬૫ સુધી જઇ શકે છે.

**ઓએફએસએસ: બંધ ૭૨૪૩.૪૫:** આમાં રૂ. ૭૧૫૦ પર સ્ટોપલોસ રાખીને ઘટાડે ફ્રેશ લોંગ પોઝિશનો શરૂ કરવાનું વિચારી. ઉપલી બાજુએ આ શેર રૂ. ૭૩૮૮ સુધી ઉછળી શકે છે. તે વટાવતા આ રૂ. ૭૫૦૦ની સપાટી સુધી જઇ શકે છે.

**ટાટા મોટર્સ: બંધ ૧૦૧૨.૪૫:** આ શેર મજબૂત અપટ્રેન્ડમાં છે. તે રૂ. ૧૦૩૨ સુધી ઉછળી શકે છે. રેઝિસ્ટન્સ લેવલ પરની ગતિ આ શેરને રૂ. ૧૦૫૫ સુધી લઇ જઇ શકે છે. રૂ. ૯૯૧નો સ્ટોપલોસ રાખીને લોંગ પ્રોટેક્ટ કરો.

**પીએફસી: બંધ ૪૧૧.૦૫:** તે રૂ. ૪૧૮ સુધી ઉછળી શકે છે. તે વટાવતા આ આગામી દિવસોમાં રૂ. ૪૨૫ સુધી પણ જઇ શકે. રૂ. ૪૦૩નો સ્ટોપલોસ રાખીને લોંગ પ્રોટેક્ટ કરો.

**એક્સાઇડ: બંધ ૪૫૧.૦૫:** આમાં ૪૪૦નો ફીક્સ સ્ટોપલોસ રાખીને ફ્રેશ લોંગ્ પોઝિશનો શરૂ કરવાનું વિચારો. ઉપલી બાજુએ તે રૂ. ૪૬૬સુધી ઉછળી શકે છે. તે વટાવતા રૂ.૪૮૦ સુધી જઇ શકે છે.

**ઇન્ફોસીસ: બંધ ૧૪૪૮:** આ શેર ચાર્ટ્સ પર સારો જણાય છે. હું આ શેર રૂ. ૧૪૬૫ના ઉપલા ટાર્ગેટ માટે ખરીદવાની ભલામણ કરું છું, જો તે વટાવે અને તેની ઉપર બંધ રહે તો આ રૂ. ૧૪૮૨ની સપાટી સુધી પણ જઇ શકે છે. રૂ. ૧૪૩૧નો સ્ટોપલોસ રાખીને લોંગ પ્રોટેક્ટ કરો.

**એચડીએફસી બેંક: બંધ ૧૫૦૫:** આ બેંક શેર મે સિરિઝમાં તમારા નાણામાં સારો એવો વધારો કરી શકે છે. આમાં રૂ. ૧૪૮૮નો ફીક્સ સ્ટોપલોસ રાખીને ફ્રેશ લોંગ પોઝિશનો શરૂ કરવાનું વિચારો. ઉપલી બાજુએ તે રૂ. ૧૫૨૬ સુધી ઉછળી શકે છે. તે વટાવતા આ રૂ. ૧૫૪૪, રૂ. ૧૫૭૦ સુધી જઇ શકે.

**જેએસડબ્લ્યુ સ્ટીલ: બંધ ૯૦૯.૬૫:** આ શેર શોર્ટ ટર્મમાં તેનો અપટ્રેન્ડ વધારી શકે છે અને આગામી ટ્રેડિંગ સેસનોમાં રૂ. ૯૩૩, રૂ. ૯૫૫ના કિંમત લક્ષ્ય સુધી જઇ શકે છે. ટ્રેડરો આ શેર રૂ. ૮૮૧ના સ્ટોપલોસ સાથે ખરીદી શકે છે.

**નોંધ:** ભલામણો ટેક્નીકલ એનાલિસીસ પર આધારિત છે. ટ્રેડિંગમાં ખોટનું જોખમ રહેલું છે.

# ફેસબુક-મેટાના અપેક્ષા કરતા સારા પરિણામો છતાં 16 ટકા તૂટયો

મુંબઇ, તા. 25: ફેસબુક, વોટસએપ અને ઈન્સ્ટાગ્રામની પેરેન્ટ કંપની મેટાના શેરમાં બુધવારે 16 ટકાનો ઘટાડો નોંધાયો હતો. તેના શેરમાં ઘટાડો અપેક્ષિત કરતા ધીમી આવક અને એઆઇ પરના વધુ ખર્ચ દ્વારા ચલાવવામાં આવ્યો હતો. શેરના ભારે ઘટાડાને કારણે, તેના માર્કેટ કેપમાંથી 20 હજાર મિલિયન ડોલરની રકમ સાફઇ થઇ ગઇ હતી અને તે ઘટીને એક ટ્રીલીયન ડોલર થઇ ગઇ હતી. ધાર્યા કરતા સારા પરિણામ છતાં તેના શેરમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. કંપનીએ જણાવ્યું હતું કે, એઆઈમાં ભારે રોકાણને કારણે આ વર્ષ ખર્ચ અપેક્ષા કરતાં વધારે રહેશે, જેના કારણે શેરો પર દબાણ સર્જાયું છે.

મેટાનું કહેવું છે કે, તે આ વર્ષે એઆઇ પર 3500થી 4000 મિલિયન ડોલરનો ખર્ચ કરશે. અગાઉ કંપની 3000થી 3700 મિલિયન ડોલરનો અંદાજ ધરાવતી હતી. એક રીતે જોઇએ તો કંપની એઆઇ પર ભારે ખર્ચ કરી રહી છે અને તેના કારણે શેર પર દબાણ જોવા મળી રહ્યું છે. કંપની તેના સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર ચેટ સહાયક સહિત ઘણી એઆઇ સુવિધાઓ પ્રદાન કરી રહી છે.

### ચાર્ન બજાર

જીએસટી સાથેના ભાવ ૩૫૧૬૪૪૬
સુરત નરેશ / મુકેશ ઘીવાળા ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન રૂ.** | | ૭૫/૩૬ ,, | ૧૨૪ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૭૯.૭૫ | ૫૦/૩૬ ,, | ૧૩૩ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૨ |
| ૩૦/૩૬ એફડી | ૨૯૬.૫ | ૫૦/૪૮ SD/કેપ | ૧૬૮ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૬ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૦ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૫ |
| ૬૮/૩૬ | ૧૩૩ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૩૧ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૨ | ૧૦૦ ટેક્ષ | ૧૨૯ | ૬૮ ક્રિમ્પ | ૧૩૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૬ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૮ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૭ | ૮૦/૭૨ રોટો | ૧૩૨ | ૭૫ ક્રિમ્પ | ૧૨૭ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૫ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૪ | ૮૦ ક્રિમ્પ | ૧૨૪ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૧ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૦ | ૮૦/૭૨ રોટો | ૧૩૧ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૨ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૨ | ૮૦/૧૦૮ ,, | ૧૩૯ | ૩૦/૩૬ એફડી | --- |


રૂ. 70/- થી શરૂ
એક્શન, રોમાન્સ થ્રીલર
RUSLAAN
રુસલાન